# ‘મેંને બોલા વો કામ નહીં કિયા તો માર દુંગા’

**લિંબાયતમાં** ઘરમાં ઘૂસી ચાર તત્ત્વોએ વેપારીને માર માર્યો, ચપ્પુ બતાવી ધમકી

સુરતઃ લિંબાયતમાં મોડી રાત્રે એક શાકભાજીના વેપારીના ઘરમાં ઘૂસી ચાર અસામાજિક તત્ત્વોએ ‘મારું કહેવું કેમ માનતો નથી’ તેમ કહી વેપારીને બેરહેમીથી માર મારી, ચપ્પુની અણીએ મોતનો ડર બતાવતા સમગ્ર વિસ્તારમાં ફફડાટ વ્યાપી ગયો છે.

લિંબાયત સ્થિત રત્નપ્રભા સોસાયટીમાં રહેતા સતીષભાઈ ભોઈ શાકભાજીના વ્યવસાય સાથે સંકળાયેલા છે અને મહેનત મજૂરી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ગત તારીખ ૯મીના રોજ રાત્રે જ્યારે સતીષભાઈ પોતાના ઘરે હતા, ત્યારે વિસ્તારના નામચીન અસામાજિક તત્ત્વો સાગર ઉર્ફે ઘોડા, ટેની ગુપ્તા, રૂપેશ જાદવ અને રાહુલ રાઠોડ ધસી આવ્યા હતા. ઘરમાં ઘૂસતાની સાથે જ આ ટોળકીએ ગંદી ગાળો બોલવાનું શરૂ કર્યું હતું. ગાળો બોલવાનું ના કહેતા ચારેય ઈસમ એકસામટા થઈને સતીષભાઈ પર હુમલો કરી દીધો હતો અને તેમને ઢીકમુક્કીનો ઢોર માર માર્યો હતો. ઘરના આંગણે જ વેપારીને લોહીલુહાણ કરી નાખતા અરેરાટી વ્યાપી ગઈ હતી.

માર માર્યા બાદ પણ આ ટોળકીની હેવાનીયત અટકી નહોતી. હુમલાખોરો પૈકી એકે પોતાની પાસે રહેલું તીક્ષ્ણ ચપ્પુ કાઢી સતીષભાઈની છાતીએ ધરી દીધું હતું. આરોપીઓએ ધમકી આપતા કહ્યું હતું કે, તું મેરા કહેના નહીં માનતા હૈ, અગલી બાર જો મેને બોલા વો કામ નહીં કિયા તો જાન સે માર દુંગા. આ ધમકી પાછળ કોઈ ગેરકાયદે કામ કરાવવાનો ઈરાદો હોવાની પણ આશંકા સેવાઈ રહી છે. ભયના ઓથાર હેઠળ જીવતા સતીષભાઈએ હિંમત ભેગી કરી આખરે લિંબાયત પોલીસમથકનું શરણ લીધું હતું. પોલીસે વેપારીની ફરિયાદના આધારે સાગર ઉર્ફે ઘોડા સહિત ચારેય હુમલાખોરો ગુનો દાખલ કર્યો છે.

## 16 મે પછીની ટિકિટનું બુકિંગ થઈ રહ્યું નથી

# સુરત-બેંગકોક ફ્લાઈટ પર સંકટ, મેની અનેક ફ્લાઈટ રદ

80% પેસેન્જર લોડ હોવા છતાં સેવા અસ્થિરથી સુરતના મુસાફરોમાં રોષ

### સુરતના હવાઈ વિકાસ પર અસર

વિશ્વનાં મુખ્ય વેપાર શહેરોમાં સ્થાન પામતું સુરત હવે આંતરરાષ્ટ્રીય કનેક્ટિવિટી માટે પ્રયત્નશીલ છે. પરંતુ વારંવાર ફ્લાઇટ રદ થવા અને રૂટ બંધ થવાથી શહેરના હવાઈ વિકાસને મોટો ઝટકો લાગી રહ્યો છે. મુસાફરો, ઉદ્યોગકારો અને ટ્રાવેલ ઉદ્યોગ સાથે સંકળાયેલા લોકોમાં આ બાબતે ચિંતા વધતી જાય છે. જો આવું જ ચાલુ રહેશે તો સુરતમાંથી આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ સેવાઓ પ્રત્યે વિશ્વાસ ઘટવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે.

સુરતઃ શહેરના આંતરરાષ્ટ્રીય હવાઈ સંપર્ક માટે મહત્ત્વપૂર્ણ ગણાતી સુરત-બેંગકોક ફ્લાઈટ સેવા ફરી એકવાર સંકટમાં મુકાઈ છે. એર ઈન્ડિયા એક્સપ્રેસ દ્વારા મે મહિનામાં કેટલીક મહત્ત્વપૂર્ણ તારીખોની ફ્લાઈટ અચાનક રદ કરવામાં આવતાં મુસાફરોમાં ભારે નારાજગી ફેલાઈ છે.

પ્રાપ્ત માહિતી મુજબ તા.1, 6, 8 અને 10 મે-2026ની ફ્લાઈટો રદ કરવામાં આવી છે, જેનાથી પહેલેથી જ શારજાહ ફ્લાઈટ બંધ થયા પછી હવે બેંગકોક રૂટ પણ અસ્થિર બન્યો છે. એરલાઈન્સ દ્વારા આપવામાં આવેલા ખુલાસા મુજબ ફ્લાઈટ રદ કરવાનું મુખ્ય કારણ “શિયાળાના સમયપત્રકમાં ફેરફાર” બતાવવામાં આવ્યું છે. જો કે, મુસાફરો અને ટ્રાવેલ એજન્ટ્સનું કહેવું છે કે, જ્યારે આ રૂટ પર લગભગ 80% જેટલો પેસેન્જર લોડ મળી રહ્યો છે, ત્યારે આવી રદબાતલનો નિર્ણય સમજણ બહારનો છે. વળી, 16 મે પછીની ટિકિટનું બુકિંગ થઈ રહ્યું નથી. એ જોતાં એરલાઈન આ ફ્લાઈટ બંધ કરવાના મૂડમાં જણાય છે.

એર ઈન્ડિયા એક્સપ્રેસે રદ કરાયેલી ફ્લાઈટ IX-263ના મુસાફરોને વિકલ્પરૂપે બીજી ફ્લાઈટ IX-883માં રિ-બુક કરવાની વ્યવસ્થા કરી છે.

ઉદાહરણ તરીકે, 1 મેની ફ્લાઈટ રદ થતાં મુસાફરોને તે જ દિવસે સાંજે 16:45 વાગ્યે ઉપડતી ફ્લાઈટ IX-883માં શિફ્ટ કરવામાં આવ્યા છે. તેમજ 6 મેના મુસાફરોને 8 મે અને 10 મેના મુસાફરોને 10 મેની વૈકલ્પિક ફ્લાઈટમાં એડજસ્ટ કરવામાં આવ્યા છે. એરલાઈન્સે પોતાના નિવેદનમાં મુસાફરોને થયેલી અસુવિધા બદલ દિલગીરી વ્યક્ત કરી છે અને જો વિકલ્પ અનુકૂળ ન હોય તો અન્ય વિકલ્પો માટે સંપર્ક કરવા જણાવ્યું છે.

# ‘તમે ગેરકાયદે બાંધકામમાં કેટલો તોડ કર્યો તે અમને ખબર છે’

**ડિમોલિશનના** મુદ્દે સ્થાનિકોએ કતારગામમાં ભાજપના ઉમેદવાર રઘુ કુંતને ઘેરીને પુરાવા સાથે ફજેતી કરી



સુરતઃ કતારગામ-વેડ રોડ વિસ્તારમાં ભાજપના ઉમેદવારો માટે પ્રચાર કરવો ભારે પડી રહ્યો છે. વોર્ડ નં.7માં ભાજપના ઉમેદવાર રઘુભાઈ ખુંટ, જ્યારે તેમની પેનલ સાથે ડોર-ટુ-ડોર પ્રચાર માટે નીકળ્યા ત્યારે સ્થાનિકોએ તેમને જાહેરમાં અટકાવીને તીખા સવાલો કર્યા હતા. મતદાતાએ ગંભીર આક્ષેપ કર્યો હતો.

આ મતદાતાએ રઘુ કુંતને ઉદ્દેશીને જાહેરમાં ગર્જના કરી હતી કે,‘‘સંતોષીની વાડીનાં 10 મકાન અને બાપા સીતારામ ચોક સ્થિત સમજુબા હોસ્પિટલનું કેટલી વખત ડિમોલિશન કરાવ્યું અને પછી કેટલા લઇને કરવા દીધું તેના મારી પાસે પાકા પ્રૂફ છે.’’ આ નિવેદનથી પ્રચારમાં જોડાયેલા સેંકડો કાર્યકરો અને અન્ય ઉમેદવારોમાં સોંપો પડી ગયો હતો અને ભાજપ માટે કટોકટ મનાતા આ વોર્ડમાં ભાજપ બેકફૂટ પર આવી ગયું છે.

આ ફજેતો થયા બાદ રઘુ ખુંટ સહિતના નેતાઓ પાસે કોઈ બચાવ રહ્યો ન હતો. રહીશોએ સ્પષ્ટપણે કહ્યું હતું કે, તેઓ કોઈ વ્યક્તિગત દ્વેષ નથી રાખતા. પરંતુ નેતાઓની ખોટી કાર્યપદ્ધતિથી વાકેફ છે. મામલો વધુ બિચકે અને અન્ય રહીશો પણ વિરોધમાં જોડાય એ પહેલાં જ ભાજપના તમામ ઉમેદવારો અને કાર્યકરોએ ત્યાંથી વિલા મોઢે ચાલતી પકડવી પડી હતી.

# ‘તમે ભગવાન શ્રી રામના વિરોધી છો’ કહી આપના ઉમેદવારોનો વિરોધ

**વોર્ડ** નં.1માં અમરોલીની સોસા.માં આપના ઉમેદવારોને જોઈને સ્થાનિકોએ ‘જય શ્રી રામ’ના નારા લગાડ્યા

**સ્થાનિકોનો** આક્રોશ જોઈને ઉમેદવારો પ્રચાર અધૂરો મૂકીને ભાગી ગયા

### આપના કતારગામ ખાતેના કાર્યાલય પર ગયેલી મનપાની ટીમને ભગાડાઈ

શહેરમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીનો માહોલ ગરમાતો જઈ રહ્યો છે, ત્યારે કતારગામ વિસ્તારમાં આવેલા આમ આદમી પાર્ટીના મધ્યસ્થ કાર્યાલય પર મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ પહોંચતા રાજકીય તણાવ સર્જાયો હતો. તપાસ માટે આવેલા અધિકારીઓ સામે ‘આપ’ના કાર્યકરો અને નેતાઓએ ભારે હોબાળો મચાવ્યો હતો, જેના કારણે અધિકારીઓ કોઈપણ કાર્યવાહી કર્યા વિના પરત ફરી ગયા હતા. આક્ષેપ મુજબ અધિકારીઓ ભાજપના ઈશારે કામ કરી રહ્યા છે.

સુરતઃ સુરત મહાનગરપાલિકાની ચૂંટણીના પ્રચારમાં હવે ભાજપની સાથે સાથે આમ આદમી પાર્ટીને પણ જનતાના ભારે રોષનો સામનો કરવો પડી રહ્યો છે. શહેરના વોર્ડ નં.1માં અમરોલીની પ્રમુખશ્રી સોસાયટીમાં જ્યારે ઉમેદવારો પ્રચાર માટે ગયા, ત્યારે સોસાયટીના પ્રમુખ મોન્ટુ ખલાસી અને અન્ય રહીશોએ એકઠા થઈ તેમનો વિરોધ કર્યો હતો.

સ્થાનિકોના આક્રોશને જોતાં ઉમેદવારોએ ત્યાંથી પરત ફરવું પડ્યું હતું. પ્રમુખશ્રી સોસાયટી બાદ આમ આદમી પાર્ટીના ઉમેદવારો જ્યારે તાપી દર્શન સોસાયટીમાં પ્રચાર માટે પહોંચ્યા, ત્યારે ત્યાં પરિસ્થિતિ વધુ ગંભીર બની હતી. સોસાયટીના રહીશોએ ઉમેદવારોને ઘેરી લીધા હતા અને ગંભીર આક્ષેપ કર્યો હતો કે ‘‘તમે લોકો ભગવાન શ્રી રામના વિરોધી છો.’’ આ દરમિયાન વાતાવરણ ગરમાયું હતું અને સ્થાનિકોએ એકસામટે ‘જય શ્રી રામ’ના ગગનભેદી નારા લગાવીને આમ આદમી પાર્ટીનો વિરોધ નોંધાવ્યો હતો.

લોકોના આક્રમક તેવર અને ધાર્મિક લાગણી દુભાઈ હોવાના આક્ષેપો વચ્ચે ઉમેદવારો અને કાર્યકરોએ પ્રચાર અધૂરો મૂકી ત્યાંથી ચાલતી પકડવાની ફરજ પડી હતી.

# સાસરિયાના ‘દહેજ રાક્ષસે’ માસૂમ સાદિયાનો ભોગ લીધો

**દહેજલોભી** સાસરિયાના ત્રાસથી કંટાળી રામપુરામાં પરિણીતાએ મોત વહાલું કર્યું, પાંચ સામે ગુનો દાખલ

**૪૦ હજાર** માટે પતિ-નણંદોએ પરિણીતાનું જીવવું હરામ કરી નાંખ્યું હતું

સુરતઃ રામપુરામાં રહેતી સાદિયા નામની પરિણીતાએ સાસરિયાના અસહ્ય શારીરિક અને માનસિક ત્રાસથી કંટાળી આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ છે. માત્ર ૪૦ હજાર રૂપિયા જેવી રકમ માટે પતિ, સાસુ-સસરા અને બે નણંદોએ ભેગા મળી પરિણીતાને મરવા માટે મજબૂર કરી હોવાની ચોંકાવનારી વિગતો બહાર આવી છે.

મૂળ મહારાષ્ટ્રના નંદુરબારના વતની રફીકભાઈ ખાટીકની લાડકવાયી દીકરી સાદિયાનાં લગ્ન સુરતના રામપુરા પટેલ ચેમ્બર પાસે રહેતા સિદ્દીક શકુરભાઈ ખાટીક સાથે મોટી આશાઓ સાથે થયા હતા. સાદિયા લગ્ન બાદ સુરત આવી હતી, પરંતુ તેને ક્યાં ખબર હતી કે જે ઘરને તે પોતાનું સમજી રહી છે, ત્યાં દહેજના લોભીઓ પલક પાથરીને બેઠા છે. લગ્નના થોડા સમય બાદ જ સાદિયાનો સંસાર ક્લેશની આગમાં હોમાવા લાગ્યો હતો. આરોપી પતિ સિદ્દીક, સસરા શકુરભાઈ, સાસુ તસ્લીમ તેમજ નેત્રંગમાં રહેતી બંને નણંદો નૂરજહાં અને ફરીન ભેગા મળી સાદિયાને પિયરથી ૪૦ હજાર રૂપિયા લઈ આવવા દબાણ કરતાં હતાં. દહેજની માંગણી પૂરી ન થતાં આ પાંચેય જણા સાદિયાને વાતવાતમાં એલફેલ ગાળો ભાંડતાં અને ઢીકમુક્કીનો ઢોર માર મારતા હતા. સાદિયાને શારીરિક રીતે લોહીલુહાણ કરવા ઉપરાંત માનસિક રીતે પણ એટલી હદે તોડી પાડવામાં આવી હતી કે તેના માટે જીવન જીવવું દુષ્કર બની ગયું હતું. સાસરિયાનાં સતત મેણાં-ટોણાં અને ‘તું મરી કેમ નથી જતી’ જેવા ઉશ્કેરણીજનક શબ્દોથી કંટાળી આખરે સાદિયાએ રામપુરા સ્થિત પોતાના ઘરે ફાંસો ખાઈ જીવન ટુંકાવી લીધું હતું. દીકરીના મોતના સમાચાર સાંભળતા જ પિતા રફીકભાઈ ખાટીક પર આભ તૂટી પડ્યું હતું. તેમણે લાલગેટ પોલીસમાં કરેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, તેમના જમાઈ અને સાસરિયાએ દીકરીને મરવા માટે મજબૂર કરી છે. પોલીસે આ મામલે રફીકભાઈની ફરિયાદના આધારે પતિ સહિત પાંચ સાસરિયા સામે દુષ્પ્રેરણાનો ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો કર્યો છે.

# મનપાના કોન્ટ્રાક્ટર રવિન્દ્ર ખેરનારને ભાજપે ટિકિટ ફાળવી કોન્ટ્રાક્ટરે લાઇસન્સ સરેન્ડર કર્યું

**હાઈડ્રોલિક** વિભાગે લાઇસન્સ સસ્પેન્ડ કરી ઝોનને કામમાંથી દૂર કરવાની સૂચના આપી, યુનિટ રેટ પેનલમાંથી નામ કાઢવાની ભલામણ

સુરતઃ મહાનગરપાલિકાની ચૂંટણીના માહોલ વચ્ચે ભાજપ દ્વારા વોર્ડ નં.24 (ઉધના-દક્ષિણ)માંથી ઉમેદવાર બનાવાયેલા રવિન્દ્ર ખેરનારે મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કોન્ટ્રાક્ટર તરીકે ધરાવતું પોતાનું લાઈસન્સ સરેન્ડર કરવાની કાર્યવાહી કરી છે. ખેરનાર મનપાના હાઈડ્રોલિક વિભાગ તથા વિવિધ ઝોનમાં પાણી લીકેજના કોન્ટ્રાક્ટર તરીકે રજિસ્ટર હતા.

માહિતી મુજબ ટિકિટ જાહેર થવા પૂર્વે જ ખેરનારે લાઈસન્સ સરેન્ડર કરવાની અરજી મનપા તંત્રને સોંપી દીધી હતી. તેના આધારે હાઈડ્રોલિક વિભાગે લાઈસન્સ સસ્પેન્ડ કરી તમામ ઝોનને આ અંગે જાણ કરી દીધી છે. સાથે જ હાલ ચાલી રહેલાં કામોમાંથી ખેરનારને દૂર કરવા માટે સૂચનાઓ આપવામાં આવી છે. પાણી લીકેજ રિપેરિંગ માટેની યુનિટ રેટ પેનલમાં પણ ખેરનારનું નામ સામેલ હોવાથી, હાઈડ્રોલિક વિભાગે તેમને પેનલમાંથી દૂર કરવાની ભલામણ સાથે રિપોર્ટ રજૂ કર્યો છે. આ નિર્ણયને પગલે મનપાના કામકાજમાં પણ ફેરફાર થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. રાજકીય વર્તુળોમાં એવી પણ ચર્ચા ચાલી રહી છે કે ભાજપના એક પ્રભાવી નેતાના અંગત મદદનીશની ભલામણના આધારે ખેરનારને ઉધના (દક્ષિણ) વોર્ડમાંથી ટિકિટ ફાળવવામાં આવી છે.



# સુરત મહાનગરપાલિકા ચૂંટણી સંગ્રામ-2026



## વોર્ડ નં.15 (કરંજ-મગોબ)

# સુરતના આ સૌથી નાના વોર્ડમાં OBCના મતો નિર્ણાયક બનશે

સુરતઃ વોર્ડ નં.15માં ભાજપે અહીં હારનો સામનો કર્યા બાદ વર્ષ-2021માં આ વોર્ડ ભાજપે ફરી કબજે કર્યો હતો. જો કે, જીતનું માર્જીન ઘણું ઓછું રહ્યું હતું. વરાછા અને લિંબાયત ઝોનને જોડતી કડી સમાન આ વોર્ડ છે. વર્ષ-2021માં અહીંથી ભાજપનાં મનીષા આહીર, રૂપા પંડ્યા, રાજુ જોળીયા, ધર્મેશ ભાલાળા જિત્યાં હતાં. જ્યારે બીજા નંબરે અહીં આમ આદમી પાર્ટીના ચારેય ઉમેદવાર રહ્યા હતા અને કોંગ્રેસ છેક ત્રીજા નંબરે રહ્યું હતું. ભાજપના ચારેય ઉમેદવાર મળી કુલ 54,170 મત મળ્યા હતા. જ્યારે આમ આદમી પાર્ટીના પહેલી વખત ચૂંટણી લડનાર ઉમેદવારોને 44,250 મત મળ્યા હતા. આમ બંને વચ્ચે માત્ર 9920 મતનું અંતર હતું. અહીં ભાજપની જીતનું કારણ એ હતું કે, આમ આદમી પાર્ટીએ કોંગ્રેસના પરંપરાગત મતોમાં ગાબડું પાડ્યું હતું, જેના પરિણામે કોંગ્રેસ ફેંકાઈ ગઈ હતી. આ વોર્ડમાં સૌરાષ્ટ્રવાસી કોળી સમાજ, આહીર સમાજ અને ઓબીસી મતદારો જીતની બાજી નક્કી કરે છે. આ વોર્ડ એકદમ નાનો છે. 2021માં અહીં 84,650 મતદાર અને 84 બુથ હતા. પરંતુ એએસઆરઆઈ બાદ હવે માત્ર 48,411 મતદાર રહ્યા છે અને બુથની સંખ્યા 49 છે. 30 વોર્ડ પૈકી સૌથી નાનો વોર્ડ આ છે.

### જાતિગત સમીકરણ

વોર્ડ નં.15માં ઓબીસી મતદારોનું પ્રભુત્વ છે. તેમાં પણ આહીર અને સૌરાષ્ટ્રવાસી કોળી સમાજની સખ્યા વધુ છે. આ ઉપરાંત સૌરાષ્ટ્રવાસી પાટીદારો, મગોબમાં ટેક્સટાઇલ માર્કેટ હોવાથી ઉત્તર ભારતીય (યુ.પી., બિહાર) અને મહારાષ્ટ્રીયન મતોનું પ્રમાણ મોટું છે. જો કે, તેમાં પાટીદારોને બાદ કરતાં તમામ મતદારો ભાજપની મજબૂત વોટબેંક ગણાય છે. અહીં ડાયમંડ અને ટેક્સટાઇલ બંને ઉદ્યોગો સાથે સંકળાયેલો મધ્યમ વર્ગ અને શ્રમિક વર્ગ વસે છે. લઘુમતી અને પછાત વર્ગના મતો આ વિસ્તારમાં બહુ ઓછા છે.

### મુખ્ય સ્થાનિક મુદ્દા અને પડકારો

- **ટ્રાફિક સમસ્યા :** કરંજ અને મગોબ વિસ્તારમાં અતિશય ટ્રાફિકની સમસ્યા છે. ટેક્સટાઇલ ટ્રકોની સતત અવરજવરને કારણે ટ્રાફિક વ્યવસ્થા ખોરવાય છે.
- **રસ્તા અને ડ્રેનેજ:** આ વિસ્તારમાં રહેણાક સોસાયટીઓની અંદરના રસ્તા અને વરસાદી પાણીના નિકાલની સમસ્યા સ્થાનિક લોકો માટે કાયમી પ્રશ્ન છે.
- **પ્રદૂષણ:** ઇન્ડસ્ટ્રિયલ બેલ્ટની નજીક હોવાને કારણે અહીં હવાનું પ્રદૂષણ અને ધૂળની ડમરીઓનો પ્રશ્ન ચૂંટણીમાં ચર્ચાય છે.
- **આરોગ્ય અને શિક્ષણ:** ગીચ વસ્તી ધરાવતા આ વોર્ડમાં સરકારી હોસ્પિટલ (હેલ્થ સેન્ટર) અને મ્યુનિસિપલ શાળાઓમાં સુવિધા વધારવાની માંગ રહે છે.

ખાડી કિનારાના કારણે ગંદકી અને સફાઇની ફરિયાદ તેમજ કરંજ સુએજ ટ્રીટમેન્ટ સ્ટેશનના કારણે નજીકના વિસ્તારોમાં દુર્ગંધના કારણે હાલાકી રહે છે.

### પુરુષ અને સ્ત્રી મતદારોની સંખ્યા

પુરુષ મતદારઃ 26,489
સ્ત્રી મતદારઃ 21,922
કુલ મતદારઃ 48,411

### ભૌગોલિક સ્થિતિ

વોર્ડ નં.14માં લંબે હનુમાન રોડ પર લાભેશ્વરથી પૂર્વ તરફ રચના સર્કલ સુધી ત્યાંથી જમણી બાજુ વળીને બુટભવાની સોસાયટી થઇ અંજની ખાડી સુધી, ત્યાંથી વર્ષા સોસાયટી-ડાયા પાર્કના રોડ સુધી સુરભી અને સરિતા સોસાયટી થઇ પરવટ પાટિયા રોડ બાજુ ડીઆર વર્લ્ડ સુધી આ વોર્ડમાં વિજયનગર, જેટી નગર, અર્ચના સ્કૂલ, જગદીશન નગર, હરિધામ, ભગીરથ, રચના, ડાયા પાર્ક, ગાયત્રી રોડ વગેરે વિસ્તારનો સમાવેશ થાય છે. જે ગીચ અને મિશ્ર વર્ગના લોકોના વિસ્તારો છે.




# જે કામ મનપાનું નથી તેવી કોલેજ શરૂ કરવાની ભાજપની ચૂંટણી ‘રેવડી’

**પ્રજાના** પરસેવાનાં નાણાંથી ચાલતી સ્મીમેરમાં સ્થાનિક વિદ્યાર્થીઓના ક્વોટામાં અન્યાય દૂર નથી કરતા ને નવી કોલેજોમાં વેડફાટનું આયોજન

સુરતઃ મહાનગર પાલિકાનું મુખ્ય કામ પ્રાથમિક શિક્ષણની સાથે સાથે રસ્તા, પાણી અને ગટરની યોગ્ય સુવિધાનું છે પરંતુ કોલેજ શરૂ કરવાનું કામ મનપાનું નથી છતાં પણ ભાજપે આજે પોતાના ચૂંટણી ઢંઢેરામાં કોલેજ શરૂ કરવાની રેવડી રજૂ કરી હતી.

ભાજપના ચૂંટણી ઢંઢેરામાં ખાસ કોઇ નવીનતા નહોતી. મોટા ભાગે રાજ્ય સરકારનાં આયોજનો જેવા કે સુરત પર વસતીનું ભારણ ઘટાડવા બારડોલીને સેટેલાઇટ સિટી તરીકે વિકસાવવા, સુરત રિજિયન ઈકોનોમી પ્લાનના અમલીકરણ સહિતના જૂના આયોજનો રજૂ કરાયાં છે. જો કે, સુરતમાં મનપાના ખર્ચે કોલેજ ખોલી કોલેજના મફત શિક્ષણની જાહેરાત કરાતાં ભાજપના નેતાઓના બતાવવાના અને ચાવવાનાં દાંત અલગ હોવાનું ખુલ્લું પડી ગયું છે. કેમ કે, સુરતની પ્રજાના પરસેવાની કમાણીમાંથી ભરાતા વેરામાંથી ચાલતી સ્મીમેર મેડિકલ કોલેજમાં સ્થાનિક ક્વોટામાં સ્થાનિક વિદ્યાર્થીઓને અન્યાય થઈ રહ્યો છે. વરસોથી સુરતના વિદ્યાર્થીઓના ક્વોટા બારોબાર ખવાઇ રહ્યા હોવા છતાં આ અન્યાય સામે સ્થાનિક નેતાઓ આંખ આડા કાન કરી રહ્યા છે અને નવી કોલેજો ખોલી પ્રજાનાં નાણાંનો વેડફાટ કરવાના લોલીપોપ આપી રહ્યા હોવાની ટીકા ઊઠી રહી છે.

# તિજોરી ખાલીખમ પણ આપનું વેરા અડધા કરવાનું નવું ‘તિકડમ’

**પ્રોજેક્ટો** માટે નાણાં નથી, જે વેરો વસૂલાય છે તે પણ ઓછો છે, પરંતુ આપના નેતાઓને તેની કશી જ પડી નથી

**આવકના** ચોક્કસ સ્ત્રોત વિના વચનોની લ્હાણી કરવાથી આપ મનપા દેવાળું ફુંકાવે તેવી સ્થિતિ



સુરતઃ એક તરફ સુરત મહાનગર પાલિકાની તિજોરી ખાલીખમ છે. પ્રોજેક્ટો માટે નાણાં નથી અને જે વેરાની વસૂલાત થાય છે તે પણ ઓછો છે. આ સ્થિતિ હોવા છતાં પણ આપ દ્વારા વેરા અડધા કરવાનું નવું ‘તિક્કડમ’ જાહેર કરવામાં આવ્યું હતું.

આપે જે ચુંટણી ઢંઢેરો જાહેર કર્યો તેમાં બેઠકો જીતવા માટે જે રેવડી અને વચનોની લ્હાણી કરવામાં આવી તેણે રાજકીય અને આર્થિક વર્તુળોમાં આ વચનોની વ્યવહારિકતા પર સવાલો ઉભા કર્યા છે. મનપાની તિજોરી ખાલીખમ છે છતાં પણ આપએ વેરા બિલ અડધા કરવાની, તમામ પ્રકારના ટેક્સની પુનઃ સમીક્ષા કરવાની અને પાણીનાં મીટરો દૂર કરવાની જાહેરાત કરીને મહાપાલિકા પર નવો બોજો આવે તેવી પેરવીઓ કરી છે.

નિષ્ણાતોનું માનવું છે કે, આ પ્રકારના નિર્ણયોથી મનપાની આવક પર સીધી અસર પડી શકે છે. રાજકીય વિશ્લેષકો માને છે કે, આ પ્રકારના મોટા પાયે વચનો મનપાની તિજોરી પર ભારે બોજ મૂકી શકે છે. વિરોધ પક્ષો દ્વારા આ વચનોને “લોકલોભાવનું પેકેજ” ગણાવી ટીકા કરવામાં આવી રહી છે. તેમની દલીલ છે કે આવકના સ્પષ્ટ સ્ત્રોત વગર આવાં વચનો આપવાથી શહેરના નાણાકીય સંતુલન પર અસર પડી શકે છે. આ રીતે, સત્તા મેળવવા માટે આપ દ્વારા કરવામાં આવેલાં આકર્ષક વચનો હવે શહેરમાં ચર્ચા અને શંકાનું કેન્દ્ર બન્યા છે કે શું આ વચનો વાસ્તવમાં અમલમાં મૂકી શકાય કે માત્ર મતદાતાઓને લલચાવવાનો પ્રયાસ છે.

## વોર્ડ નં.16-પુણા (પશ્ચિમ)

# 10 વર્ષથી હારતા ભાજપને કમબેક તો આપને બેઠક જાળવવાની ચિંતા

સુરતઃ 2015ના પાટીદાર આંદોલન બાદ આ વોર્ડ સુરતનો સૌથી ચર્ચિત અને રાજકીય રીતે સંવેદનશીલ વિસ્તાર ગણાય છે. 2015માં કોંગ્રેસે ભાજપના આ ગઢને ધરાશાયી કરી તમામ બેઠકો જિત્યા બાદ વર્ષ-2021ની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીએ ક્લીન સ્વીપ કરી ભાજપની આખી પેનલને હરાવી હતી. આ ચૂંટણીમાં આ વોર્ડ ભાજપ માટે પ્રતિષ્ઠાનો જંગ છે. ભાજપ અહીં પોતાના જૂના કાર્યકરોને બદલે નવા અને સ્વીકાર્ય ચહેરાઓ ઉતારીને ‘ડેમેજ કંટ્રોલ’ કરવાના પ્રયાસમાં છે. જ્યારે આમ આદમી પાર્ટી માટે પોતાનો આ કિલ્લો બચાવવો એક મોટો પડકાર રહેશે. કારણ કે, કેટલાક કોર્પોરેટરો પક્ષપલટો કરીને ભાજપમાં જોડાયા હોવાથી મતદારોમાં મિશ્ર પ્રતિસાદ જોવા મળી રહ્યો છે.

વર્ષ-2021માં અહીંથી આમ આદમી પાર્ટીના પાયલ સાકરિયા, જિતેન્દ્ર કાછડિયા, શોભના ખેની અને વિપુલ મોવલિયા જિત્યા હતા. જ્યારે બીજા નંબરે અહીં ભાજપ રહ્યો હતો. ભાજપના ચારેય ઉમેદવારો મળી કુલ 50,420 મતો મળ્યા હતા. જ્યારે આમ આદમી પાર્ટીના પહેલી વખત ચૂંટણી લડનાર ઉમેદવારોને 91,131 મત મળ્યા હતા. આમ બંને વચ્ચે 40,711 મતનું અંતર હતું. આ વોર્ડમાંથી ચુંટાયેલાં પાયલ સાકરિયા વિપક્ષી નેતા બન્યાં હતાં. 2021માં અહીં 1,01,771 મતદાર અને 104 બુથો હતા. જો કે, એસઆઈઆર બાદ આપના આ કિલ્લામાં 40 હજાર જેટલા મતદારોનાં નામ કપાયા છે અને હવે 60,368 મતદાર રહ્યા છે અને બુથની સંખ્યા 61 છે.

### જાતિગત સમીકરણ

- આ વોર્ડમાં 80 ટકાથી વધુ વસતી સૌરાષ્ટ્રવાસી પાટીદારોની છે.
- અન્ય મતોમાં ઓબીસી (પ્રજાપતિ, પંચાલ) અને ઉત્તર ભારતીય મતદારોનો સમાવેશ થાય છે.
- અહીંના મોટા ભાગના મતદારો હીરા ઉદ્યોગ અને ટેક્સટાઇલ વ્યવસાય સાથે સંકળાયેલા છે.
- આ વોર્ડ પાટીદાર અનામત આંદોલનનું એપી સેન્ટર રહ્યો છે. અહીંના મતદારો પક્ષ કરતાં લાગણી અને સમાજવાદ પર વધુ મતદાન કરે છે. 2021માં ‘પાસ’ના સમર્થનને કારણે ‘આપ’ને મોટો ફાયદો થયો હતો.

### પુરુષ અને સ્ત્રી મતદારોની સંખ્યા

પુરુષ મતદારઃ 32,756
સ્ત્રી મતદારઃ 27,612
કુલ મતદારઃ 60,368

### સમસ્યા

- એપાર્ટમેન્ટની સંખ્યા વધુ હોવાથી ગીચતા અને સફાઇના પ્રશ્નો, ખાડીની સફાઇ
- ટ્રાફિક અને દબાણઃ પુણા-સીમાડા રોડ અને સીતાનગર ચોકડી પર થતો ટ્રાફિક અહીંની કાયમી સમસ્યા છે.
- પાણી અને ગટરઃ નવી બનેલી હાઈ-રાઈઝ બિલ્ડિંગ્સમાં પાણીના પ્રેશર અને ડ્રેનેજ લાઈનના પ્રશ્નો અવારનવાર ઊઠે છે.
- શિક્ષણ અને આરોગ્યઃ આ વિસ્તારમાં સરકારી શાળાઓ અને હોસ્પિટલ્સની સુવિધા વસતીના પ્રમાણમાં ઓછી હોવાની ફરિયાદ રહે છે.
- ખાડી કિનારાના વિસ્તારોમાં રસ્તા અને સફાઈના પ્રશ્નો પણ ચૂંટણીમાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

### ભૌગોલિક સ્થિતિ

બુટભવાની સોસાયટીથી ચાલુ કરી માતૃશક્તિ અને સત્યનારાયણ સોસાયટી થઇને કારગિલ ચોકથી રૂક્મણીનગર થઇ ડાબી બાજુ સમ્રાટ સોસાયટી સુધી તેમજ પુણા ગામ થઇને સીતાનગરથી અર્ચના સ્કૂલ મુક્તિધામ સોસાયટી, ભૈયાનગર, માતૃશક્તિ, સીતાનગર ચોકની આસપાસની સોસાયટીઓ, છીતુનગર, રણુજાધામ સોસાયટી વગેરે, દક્ષિણમાં કેનાલ રોડ રેશ્મા ચોકડી સુધીનો વિસ્તાર.

